# મહેસાણા જીલ્લો




- ❖ સીમાઓ :-મહેસાણા જીલ્લાની આજુબાજુ ઉત્તરે બનાસકાંઠા જિલ્લો, દક્ષિનમાં અમદાવાદ જિલ્લો, પશ્ચિમમાં સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લો, પૂર્વમાં ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાની સરહદો આવેલી છે. છે.
- ❖ ક્ષેત્રફળ :- ૪.૩૯૩ચો કિમી
- ❖ સ્થાપના :-૧૯૬૦
- ❖ મુખ્ય મથક :-મહેસાણા
- ❖ હવાઈ મથક :- નથી
- ❖ વસ્તી :- ૨૦,૨૭,૭૨૭(૨૦૧૧મુજબ )
- ❖ ક્રમ :- પંદરમો
- ❖ અક્ષર જ્ઞાન :- ૮૪.૨૬%
- ❖ સ્ત્રી પુરૂષ પ્રમાણ:- ૯૬૨ (દર હજારે)
- ❖ વસ્તી ગીચતા :-૪૬૨ એક ચો.કિમી (વ્યક્તિ દીઠ)
- ❖ વિધાનસભાની કુલ સીટો :- ૭ { ખેરાલુ, ઉંઝા, વિસનગર,બેચરાજી, કડી (એસ.સી),મહેસાણા અને વિજાપુર }
- ❖ તાલુકાઓ :-૧૧ (1)મહેસાણા, (2)કડી, (3)બહુચરાજી, (4)વડનગર, (5)વિસનગર, (6)વિજાપુર, (7)ઉંઝા, (8) સતલાસણા , (9)ખેરાલુ (10) જોટાણા (૧૧) ગોજારિયા
- ❖ તાલુકા પંચાયતની કુલ સીટો :- ૧૦ (૨૧૬)
- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
  (મહેસાણા-૩૨ , કડી-૩૦,ખેરાલુ-૧૮,સતલાસણા-૧૬,વિસનગર-૨૪, ઊંઝા-૧૮,વડનગર૧૮,બેચરાજી-૧૬,જોટાણા-૧૬, વિજાપુર-૨૮ )
- ❖ જિલ્લા પંચાયતની કુલ સીટો :- ૪૨
- ❖ નગરપાલિકાની સંખ્યા સંખ્યા :- ૭ (૧) મહેસાણા, (૨) વિસનગર, (૩) કડી, (૪) ઊંઝા, (૫) વિજાપુર, (૬) ખેરાલુ (૭) વડનગર. (૧) મહેસાણા-૧૧(૪૪), (૨) વિસનગર-૯(૩૬),(૩) કડી-૯ (૩૬), (૪) ઊંઝા-૯ (૩૬) (૫) વિજાપુર, (૬) ખેરાલુ (૭) વડનગર ,

- ગામડાંઓ:-૬૧૬ (1)મહેસાણા (૧૧૬), (2)કડી (૧૨૧), (3)બહુચરાજી(૫૨), (4)વડનગર(૪૫), (5)વિસનગર(૬૦), (6)વિજાપુર(૬૫), (7)ઉંઝા (૩૨), (8) સતલાસણા(૭૩) અને (9)ખેરાલુ (૫૨) , (10) ગોજારિયા
- ગ્રામપંચાયત :- ૫૮૯
- આરટીઓ નંબર :- **GJ-02**
- નદીઓ :- પુષ્પાવતી, રૂપેણ,ખારી,સાબરમતી,સરસ્વતી
- જળાશય યોજના :- ધરોઈ ડેમ(સાબરમતી નદી)
- પર્વતો :- તારંગા
- સરોવર અને તળાવ :- શર્મિષ્ઠા તળાવ (વડનગર),રવિ તળાવ (મહેસાણા),ચિમનાબાઈ તળાવ (ખેરાલુ), દેળિયુંતળાવ,પીંડારિયા તળાવ, મલાવ તળાવ (વિસનગર)
- વાવ :- બોત્તેર કોઠાની વાવ (મહેસાણા), ધર્મેશ્વરી વાવ(મોઢેરા), નરસિંહ મહેતાની વાવ (વડનગર),વલ્લભ ભટ્ટની વાવ (બહેચરાજી),માણસાની વાવ (માણસા)
- કુંડ :- રામ કુંડ (મોઢેરા), ગૌરીકુંડ(વડનગર),શક્તિ કુંડ(આખજ),જલેશ્વર કુંડ(વિસનગર),
- ગુફાઓ :- બૃદ્ધિસ્ટની ગુફાઓ (તારંગા હિલ અને વડનગર)
- ખનીજો:-ચિનાઈ માટી, કુદરતી વાયુ,તેલ, અને અકીક
- ઉદ્યોગ :- તાંબા પિત્તળના વાસણો (વિસનગર) કાચ ઉધોગ (કડી) તથા ડેરી ઉદ્યોગ
- ડેરી :- દૂધસાગર ડેરી (મહેસાણા)
- તળાવ :- શર્મિષ્ઠા તળાવ (વડનગર), ગુંજા તળાવ (ગુંજા), દેળિયું તળાવ(વિસનગર)
- પાક:- વરીયાળી,જીરૂ, ઈસબગુલ, ડાંગર,ઘઉં,કપાસ અને તેલીબિયાં
- સંશોધન કેન્દ્ર :- મસાલા સંશોધન કેન્દ્ર, જગુદણ
- અભ્યારણ્ય :- થોળ પક્ષી અભ્યારણ્ય (કડી તાલુકો) (1988)
- જમીનનો પ્રકાર :- કાળી અને રેતાળ
- ડેમ :- ધરોઈ ડેમ (સાબરમતી નદી)
- મહોત્સવ :- ઉત્તરાર્ધ શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ (મોઢેરા), તાનારીરી સંગીત મહોત્સવ (વડનગર),
- નૃત્ય :- રૂમાલ નૃત્ય
- મેળો :- બહુચરાજીનો મેળો, પાલોદરનો મેળો, શંખલપૂરનો મેળો
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- રાજ્યકક્ષાનું વન:- તીર્થંકર વન (૨૦૦૬, તારંગા)
- અગત્યના શહેરો :-વિસનગર,ઊંઝા ,કડી ,વડનગર,મોઢેરા ,તારંગા ,બહુચરાજી ,ખેરાળુ અને હારીજ
- જોવાલાયક સ્થળો :-સૂર્યમંદિર(મોઢેરા),તારંગા હિલસ્ટેશન તેમજ જૈન તીર્થસ્થાન ,ઉમિયામાતા નું મંદિર (ઊંઝા)ચેહર માતાજીનું મંદિર (મરતોલી),બહુચરાજી માતાજીનું મંદિર (બહુચરાજી), મીરાદાતારની દરગાહ (ઉનાવા), શંખેશ્વર જૈન મંદિર,હાડકેશ્વર મંદિર, શર્મિષ્ઠા તળાવ,ચોરી, શીતળા માતાનું મંદિર,તોરણ, અને તાનારીરીનું મંદિર (વડનગર), ભગવાન શ્રી મલ્લિનાથ (ભોયણી), શંકુઝ વોટર પાર્ક(મહેસાણા), સીમંધર જૈન મંદિર(મહેસાણા), શ્રી મોઢેશ્વરી માતાનું મંદિર (મોઢેરા)
- ઉચ્ચ શૈક્ષણિકસંસ્થાઓ :-
  - ગણપત યુનિવર્સિટી, ગણપતવિદ્યાનગર,(ખેરવા)(૨૦૦૫)
  - એમ.એન.આટ્ર્સ,કોમર્સ અને સાયન્સ કોલેજ, વિસનગર

**વિશેષ નોંધ :**

- મહેસાણા શહેરની સ્થાપના મેસોજી ચાવડાએ કરી હતી.
- રૂમાલ નૃત્ય મહેસાણા જિલ્લાના ઠાકોરો હોળી તથા મેળાના પ્રસંગોએ હાથમાં રૂમાલ રાખી નૃત્ય કરતા હોય છે. ઘોડા કે અન્ય પશુનું મહોરું પહેરીને પણ આ નૃત્ય કરાય છે.
- મહેસાણામાં દૂધસાગર ડેરી આવેલી છે. તેની સ્થાપના ઈ.સ. 1960માં માનસિંહભાઈ ચૌધરીએ કરી હતી.મોતીભાઈ ચૌધરી દ્વારા ‘ ફરતી પશુરોગ નિદાન પ્રયોગશાળા’ શરૂ કરવામાં આવી.
- ગુજરાતમાં સૌથી વધુ ઈસબગુલનું ઉત્પાદન મહેસાણા જિલ્લામાં થઈ છે.
- મહેસાણા ઔધોગિક શહેર તેમ જ મુખ્ય વેપાર કેન્દ્ર છે.

gnanbhandar.com

- મહેસાણાની લાંઘણજ ખાતેથી રોબર્ટ બ્રુસ ફૂટે ઇ.સ. ૧૮૯૩માં પ્રાગઐતિહાસિક સમયના તથા ‘ કોટ પેરામલી’ ખાતે હડપ્પીય સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે. જેમાં ડેન્ટેલઈએં દરિયાઈ પ્રાણીના અવશેષો, ચશ્મછરા અને ચશ્મકુઠાર જેવા પથ્થરના ઓજારો મળી આવ્યા હતા.
- મહેસાણા જિલ્લાના કડી પાસે ઝૂલાસણ ગામ અંતરિક્ષયાત્રી સુનિતા વિલિયમ્સનું મૂળ વતન છે.
- વડનગરનું પ્રાચીન નામ આનર્તપુર અથવા આનંદપુર હતું. વડનગર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જન્મસ્થળ છે.
- કડી (પ્રાચીન નામ કનીપુર) માં કાચ ઉધોગ વિકસ્યો છે. કડીમાં ઐતિહાસિક કિલ્લાનું બાંધકામ સૈયદ મુસ્તાઝખાન બુખારીએ બંધાવ્યો હતો જે ‘રસુલાબાદ’ તરીકે ઓળખાતો હતો.
- મહેસાણા જિલ્લાનો સતલાસણા તાલુકાનો વિસ્તાર ગઢવાડા તરીકે ઓળખાય છે.
- વડનગરમાં નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વરમંદિર તેમજ શર્મિષ્ઠા તળાવઅને તાનારીરી સ્મારક અને કિર્તીતોરણ માટે પ્રખ્યાત છે.
- મહેસાણાની દૂધ સાગર ડેરીની સ્થાપના માનસિંહભાઈ પટેલે કરી હતી.
- ગુજરાતમાં સૌપ્રથમ પાતાળ કૂવો 1935માં મહેસાણામાં વડોદરાના સયાજીરાવ ગાયકવાડ દ્વારા ખોદાવવામાં આવ્યો હતો.
- મહેસાણા જિલ્લાના આસજોલ ખાતે કુંતા માતાજીનું મંદિર આવેલું છે.
- મહેસાણા જિલ્લાના ખેરવામાં ગુજરાતમાં કન્યાઓ માટેની સૌપ્રથમ સૈનિકશાળા આવેલી છે.
- મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં આવેલ વાલમ ગામે સુલેશ્વર માતાજીનાનાં સ્થાનકે ચૈત્ર વદ છઠ થી નોમ સુધી હથિયા-ઠાઠુંનો મેળો યોજાય છે.
- વિશળદેવ વાઘેલાએ ત્રિભુવનપાળને હરાવીને વિસનગર (પ્રાચીન નામ વિસલનગર)ની સ્થાપના કરી હતી. વિસનગર તાંબા-પિત્તળના વાસણ માટે જાણીતું છે.
- અસાઈત ભવાઈ વેશના જાણીતા જયશંકર સુંદરીનું જન્મ સ્થળ વિસનગર છે. વિસનગર પાસે આવેલ ખાંડોસન ગામે સર્વમંગલા દેવીનું જોડિયા મંદિર આવેલું છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાનાં તારંગા ખાતે ભગવાન અજીતનાથની પ્રતિમા ધરાવતું પ્રવિત્ર સ્થળ આવેલું છે/
- રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે મોઢેરા ના સુર્ય મંદિરમાં શાસ્ત્રીય નુત્યકારો નો મેળો ભરાય છે
- પુષ્પાવતી નદીને કિનારે આવેલું મોઢેરા (પ્રાચીન નામ ભગવદ ગામ)માં મોઢેરાનું સૂર્યમંદિરનું નિર્માણ ઇ.સ. ૧૦૨૭માં સોલંકી વંશના ભીમદેવ પહેલા દ્વારા બંધાવવામાં આવ્યું હતું.જે કર્કવૃત પર આવેલું છે.
- મહેસાણા જિલ્લામાં પાતાળકૂવા સૌથી વધુ સંખ્યામાં આવેલા છે.
- સિંચાઈનો સૌથી મોટો વિકાસ મહેસાણા જિલ્લામાંથી થયો છે.
- દેવમાલ વોરા સમાજ માટેનું પવિત્ર યાત્રાધામ આવેલું છે.
- મસાલાનું શહેર તરીકે જાણીતું ઊંઝામાં કડવા પાટીદારના કુળદેવી ઉમિયામાતાનું ભવ્ય મંદિર આવેલું છે. આ ઉપરાંત ખેતપેદાશોમાં દેશનું સૌથી મોટું માર્કેટ યાર્ડ છે.
- મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાનું ઉનાવા ગામમાં પુષ્પાવતી નદીને કાંઠે મીરાં દાતારદરગાહ સૂપ્રસિદ્ધ છે. મીરા દાતાર સૈયદ અલીની દરગાહ એ બધા ધર્મના માનસિક રીતે નબળા લોકો માટે પૂજા કરવાનું ઘણું મહત્વનું સ્થળ છે.
- મહેસાણામાં શંકુ વોટર પાર્ક એ ગુજરાતનો પ્રથમ અને ભારતમાંના સૌથી મોટો વોટરપાર્ક છે.
- મહેસાણા જીલ્લાના મરતોલી ગામે સુપ્રસિદ્ધ ચેહરમાતાનું પ્રાચીન અદ્ભૂત મંદિર આવેલું છે. વસંતપંચમીના રોજ માતાજીનો જન્મદિન હોવાથી આ દિવસે મેળો ભરાય છે.
- મહેસાણા જિલ્લાના મોઢેરાના સૂર્યમંદિર પરથી કર્કવૃત પસાર થાય છે. અહી દર વર્ષે જાન્યુઆરી મહિના અંતમાં ‘ ઉત્તરાર્ધ મહોત્સવ’ યોજાય છે જેમાં શાસ્ત્રીય નૃત્યનું આયોજન કરવામાં આવે છે.
- મહેસાણા જીલ્લામાં આવેલ વડનગર (પ્રાચીન નામ આનંદપુર,આનર્તપુર, અનંતપુર) સ્કંદપુરાણ સમયમાં રચાયું હોવાનું મનાય છે. વડનગરમાં નરસિંહ મહેતાની દોહિત્રી (કુંવરબાઈની પુત્રી) શર્મિષ્ઠાની પુત્રીઓ તાના અને રીરીની સમાધિ સ્થળે દર વર્ષે સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં આવેલ છે. નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈની દીકરી શર્મિષ્ઠાના નામ પરથી તળાવ નામ પાડવામાં આવ્યું છે.

- વડનગરમાં આવેલ તાનારીરી સ્મારક નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈની દીકરી શર્મિષ્ઠાને વડનગર પરણાવી હતી અને તેને તાના અને રીરી બે (જોડિયા) દીકરીઓ હતી. સંગીત સમ્રાટ તાનસેનના દાહનું મેઘમલ્હાર રાગ ગાઈને શમન કરનાર તાનારીરી બહેનોની સમાધિ સ્થળ છે. દર વર્ષે અહી ગુજરાત પ્રવાસન વિભાગ તાનારીરી સંગીત સમારોહનું આયોજન કરે છે.
- વડનગરમાં શર્મિષ્ઠા તળાવ અને શામળશાની ચોરી, કીર્તિતોરણ, પ્રાચીન હાટકેશ્વર મંદિર આવેલા છે. વડનગરની ચીની યાત્રાળુ હ્યુ-એન-ત્સાંગે મુલાકાત લીધી હોવાનું મનાય છે.
- વડનગર શહેરની ફરતે ૬ દરવાજા આવેલા છે. જેમાં અર્જુનબારી દરવાજો શિલાલેખ વડનગરની સમૃદ્ધિની માહિતી આપે છે.
- ઉત્તર ગુજરાતનાં ચુંવાળ પરદેશમાં બહુચરાજી ખાતે બહુચરાજી માતાજીનું મંદિર આવેલ છે. આ મંદિરમાં બાળકોના ક્ષૌર કર્મ તથા સંતાનપ્રાપ્તિની માનતા માટે લોકો આવે છે.
- મહેસાણાના વિસનગરના સૂફી સંત અનવર કાઝી રાધા-કૃષ્ણના ભજનો માટે જાણીતા હતા.
- ગુજરાતમાં ઘઉંનું સૌથી વધુ વાવેતર કરતો મહેસાણા જીલ્લામાં થાય છે.
- વિજાપુર ખાતે પિયત ઘઉંનું સંશોધન કેન્દ્ર આવેલું છે.
- વડોદરા રાજ્ય તરફથી ગુજરાતમાં સૌપ્રથમ પાતાળકૂવો મહેસાણા ખાતે બન્યો.
- દેશનો પ્રથમ કેનાલ ટોપ સોલાર પ્રોજેકટ નર્મદા નદી પર મહેસાણા જિલ્લાના ચંદ્રાસણ ખાતે આવેલ છે.
- ગુજરાતમાં સૌથી વધુ કૂવા દ્વારા સિંચાઈ મહેસાણા જીલ્લામાં થાય છે. ગુજરાતમાં વાવેતર હેઠળની જમીનમાં સૌથી વધુ સિંચાઈ મહેસાણા જિલ્લો પ્રથમ છે.
- ઘઉંના વાવેતરમાં મહેસાણા જિલ્લો પ્રથમ ક્રમે આવે છે. અને ઘઉંના ઉત્પાદન દ્રષ્ટિએ બીજા ક્રમે આવે છે.

- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- મહેસાણા જિલ્લાના પાલોદર ખાતે ચોસઠ જોગણી મંદિર આવેલું છે.જ્યાં ફાગણ વદ અગિયારસ થી તેરસ સુધી મેળો ભરાય છે.
- મહેસાણા જીલ્લામાં સૌથી ઓછું શિશુલિંગ પ્રમાણ ધરાવતો જિલ્લો છે.
- ગુજરાતમાં મોટા કદના સૌથી વધુ ખેતરો ધરાવતો જિલ્લો છે.
- ગુજરાતમાં સૌથી વધુ ભેંસો મહેસાણા જીલ્લામાં જોવા મળે છે. મહેસાણા જિલ્લાનું કડી તાલુકાનું ઝૂલાસણ ગામ અંતરિક્ષયાત્રી સુનિતા વિલિયમ્સનું વતન છે.

- પુષ્પાવતી નદીને કિનારે આવેલું ઐઠોર (પ્રાચીન નામ અરવતી, અયધિ) ખાતે જમણી બાજુ સૂંઢવાળા ગણપતિજીની મૂર્તિવાળું પ્રાચીન મંદિર આવેલું છે.
- મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાનાં લાડોલ ખાતે બટાટા સંશોધન કેન્દ્ર આવેલું છે.
- બહુચરાજી ખાતે ૫૧ શક્તિપીઠો પૈકીનું એક બહુચરાજી ખાતે બહુચરાજી મંદિર આવેલું છે. માતાજીનું મૂળ સ્થાનક નજીકમાં આવેલ શંખલપુર છે. અહી ચૈત્ર સુદ પુનમના રોજ મેળો ભરાય છે. અહી કિન્નરોની ગાદી આવેલી છે.
- માતાજીનો ગરબો લખનાર વલ્લભ મેવાડા બહુચરાજીના વતની છે.
- મસાલા સંશોધન કેન્દ્ર જગુદણ ખાતે અને ઘઉં રિસર્ચ સેન્ટર વિજાપુર ખાતે આવેલ છે.
- ઉત્તર ગુજરાતની મહેસાણી ભેંસ પ્રખ્યાત છે.
- પુષ્પાવતી નદીને કિનારે આવેલું મોઢેરાનું સૂર્યમંદિર ભીમદેવ સોલંકી પહેલાએ ઈ.સ. 1026-27માં બંધાવેલ છે. મોઢેરાનું સૂર્યમંદિરની સ્થાપત્ય શૈલી હિન્દુ મંદિર સ્થાપત્ય(મરુ ગુર્જર) છે. મોઢેરાનું સૂર્યમંદિર પરથી કર્કવૃત પસાર થાય છે.



gnanbhandar.com

❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન

gnanbhandar.com